# હોર્મુઝ સ્ટ્રેટ: વિશ્વની સૌથી મહત્વની 'ઓઈલ ચેનલ'

હોર્મુઝ સ્ટ્રેટ એ માત્ર એક જલમાર્ગ નથી, પરંતુ વિશ્વના ઊર્જા પુરવઠાની ધમની છે. જો આ માર્ગમાં સહેજ પણ અવરોધ આવે, તો સમગ્ર વિશ્વમાં તેલના



ભાવ આસમાને પહોંચી શકે છે.

**૧. ભૌગોલિક સ્થાન અને રચના**

**જોડાણ:** તે ફારસની ખાડીને ઓમાનની ખાડી અને અરબ સાગર સાથે જોડે છે.

**સીમાઓ:** તેની ઉત્તરમાં ઈરાન છે અને દક્ષિણમાં ઓમાન તથા UAE આવેલા છે.

**પરિમાણ:** આ માર્ગ આશરે ૧૬૭ કિમી લાંબો છે. તેનો સૌથી સાંકડો ભાગ માત્ર ૩૩ કિમી પહોળો છે, જે વ્યૂહાત્મક રીતે તેને ખૂબ જ સંવેદનશીલ બનાવે છે.

**૨. શા માટે તે આટલું મહત્વનું છે?**

**વૈશ્વિક તેલ પુરવઠો:** વિશ્વના કુલ પેટ્રોલિયમ ઉત્પાદનનો લગભગ ૨૦% હિસ્સો આ સાંકડા માર્ગમાંથી પસાર થાય છે.

**દૈનિક વ્યાપાર:** દરરોજ અંદાજે ૧.૭૮ કરોડથી ૨.૦૮ કરોડ બેરલ કાચું તેલ આ રૂટ દ્વારા નિકાસ કરવામાં આવે છે.

**એશિયા પર નિર્ભરતા:** ૨૦૨૨ના આંકડા મુજબ, આ માર્ગથી પસાર થતા તેલનો ૮૨% હિસ્સો એશિયાઈ દેશો (ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા) માં જાય છે.

**મુખ્ય નિકાસકારો:** ઈરાન ઉપરાંત ઈરાક, કુવૈત, સાઉદી અરેબિયા અને UAE પણ પોતાના તેલ નિકાસ માટે આ માર્ગ પર નિર્ભર છે.

**૩. સુરક્ષા અને ઈતિહાસ**

**નૌકાદળની ભૂમિકા:** આંતરરાષ્ટ્રીય જહાજોની સુરક્ષા માટે અમેરિકી નૌકાદળની ટુકડી અહીં સતત તૈનાત રહે છે.

**સંઘર્ષનો ઈતિહાસ:** ૧૯૮૭માં સિંગાપોરના 'નોર્મન એટલાન્ટિક' જહાજ પર ઈરાની યુદ્ધ જહાજ દ્વારા થયેલો હુમલો એ વાતની સાબિતી છે કે આ વિસ્તાર હંમેશા તણાવગ્રસ્ત રહ્યો છે.

### હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા તેલનો વેપાર

**કુલ દૈનિક વેપાર: 1.4 કરોડ બેરલ**

**1. હોર્મુઝના રસ્તે તેલ મોકલનારા મુખ્ય દેશો**
(આંકડા: લાખ બેરલ પ્રતિ દિવસ)

| દેશનું નામ | તેલની નિકાસ (લાખ બેરલ/દિવસ) |
|---|---|
| સાઉદી અરેબિયા | 53 |
| ઇરાક | 32 |
| યુએઈ | 18 |
| ઈરાન | 15 |
| કુવૈત | 14 |
| કતર | 6 |
| અન્ય | 3 |

**2. હોર્મુઝના રસ્તે તેલ મેળવનારા મુખ્ય દેશો**
(આંકડા: લાખ બેરલ પ્રતિ દિવસ)

| દેશનું નામ | તેલની આયાત (લાખ બેરલ/દિવસ) |
|---|---|
| ચીન | 54 |
| ભારત | 21 |
| દક્ષિણ કોરિયા | 17 |
| જાપાન | 16 |
| અન્ય એશિયાઈ દેશો | 20 |
| યુરોપ | 5 |
| અમેરિકા | 4 |
| અન્ય | 6 |

### ક્રૂડ ઓઈલમાં ભડકો: આગામી સપ્તાહે તેલના ભાવમાં મોટી વધઘટની શક્યતા

ફ્રેન્કફર્ટ : મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે વૈશ્વિક ઓઈલ બજારમાં અનિશ્ચિતતાનો માહોલ છે. વીકેન્ડ હોવાથી હાલ બજાર બંધ છે, પરંતુ સોમવારથી ભાવમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે.

**ભાવમાં તેજી:** યુદ્ધના ડરને કારણે શુક્રવારે બ્રેન્ટ ક્રૂડ 72.87 ડોલરની સાત મહિનાની ઊંચી સપાટીએ બંધ થયું હતું. જો સંઘર્ષ વધશે, તો ભાવ 90 ડોલરને વટાવી શકે છે.

**સપ્લાય ચેઈન પર ખતરો:** વિશ્વના કુલ તેલ પુરવઠાનો 20% હિસ્સો જે માર્ગે પસાર થાય છે તે 'હોર્મુઝ સ્ટ્રેટ' જો બંધ થાય અથવા ત્યાં ટેન્કરોની અવરજવર ખોરવાય, તો તેલની ભારે અછત સર્જાઈ શકે છે.

**ચીન પર અસર:** ઈરાન દરરોજ 16 લાખ બેરલ તેલની નિકાસ કરે છે, જેનો મોટો હિસ્સો ચીન ખરીદે છે. જો આ પુરવઠો અટકે, તો ચીન વૈશ્વિક બજારમાં અન્ય વિકલ્પો શોધશે, જેનાથી ભાવમાં વધુ વધારો થશે.



## ઈરાનનો સાઉદી પર હુમલો:

# શું પાકિસ્તાને હવે આ યુદ્ધમાં ઉતરવું પડશે?

છેલ્લા ૨૪ કલાકમાં મધ્ય પૂર્વની સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કરતા સાઉદી અરેબિયાના વિસ્તારોને નિશાન બનાવ્યા છે. આ ઘટનાએ ૨૦૨૫માં રિયાધ અને ઈસ્લામાબાદ વચ્ચે થયેલા 'વ્યૂહાત્મક પરસ્પર સંરક્ષણ કરાર'ને ચર્ચામાં લાવી દીધો છે.

**૧. ૨૦૨૫નો સાઉદી-પાકિસ્તાન સંરક્ષણ કરાર શું છે?**

૨૦૨૫માં થયેલા આ કરાર મુજબ, જો બેમાંથી કોઈ પણ એક દેશ પર આક્રમણ થાય, તો તેને બંને દેશો પરનું આક્રમણ માનવામાં આવશે. આ ભાષા ઘણીવાર આંતરરાષ્ટ્રીય સુરક્ષા કરારોમાં વપરાય છે, પરંતુ તેમાં કેટલીક મહત્વની મર્યાદાઓ છે:

**ઓટોમેટિક યુદ્ધની જોગવાઈ નથી:** આ કરારમાં એવું ક્યાંય સ્પષ્ટ નથી કે હુમલો થતાની સાથે જ પાકિસ્તાને પોતાની સેના રણમેદાનમાં ઉતારવી જ પડશે.

**પ્રતિસાદની સ્વતંત્રતા:** પાકિસ્તાન પોતાની બંધારણીય પ્રક્રિયા અને વ્યૂહાત્મક હિતોને ધ્યાનમાં રાખીને નક્કી કરી શકે છે કે તેણે કેટલી અને કેવી મદદ કરવી.

**૨. પાકિસ્તાન માટે શું જોખમ છે?**

જો સાઉદી અરેબિયા આ કરાર હેઠળ પાકિસ્તાનની મદદ માંગે, તો ઈસ્લામાબાદે નીચેના મુદ્દાઓ પર વિચાર કરવો પડશે:

**ઈરાન સાથેની સરહદ:** પાકિસ્તાન ઈરાન સાથે લાંબી સરહદ ધરાવે છે. ઈરાન સામે સીધા યુદ્ધમાં ઉતરવાનો અર્થ એ છે કે પોતાની પશ્ચિમી સરહદ પર કાયમી દુશ્મનાવટ વહોરવી.

**સ્થાનિક રાજકારણ:** પાકિસ્તાનમાં મોટી સંખ્યામાં શિયા સમુદાય વસે છે, જે ઈરાન સામેના સીધા યુદ્ધનો વિરોધ કરી શકે છે.

**રાજદ્વારી સંતુલન:** પાકિસ્તાન પરંપરાગત રીતે સાઉદી અને ઈરાન વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરતું આવ્યું છે.

**૩. પાકિસ્તાન કેવી ભૂમિકા ભજવી શકે?**

સીધા યુદ્ધમાં જોડાવાને બદલે પાકિસ્તાન નીચે મુજબની મદદ કરી શકે છે:

**ગુપ્તચર માહિતીની આપ-લે:** ઈરાની હુમલાઓ અંગે ઈન્ટેલિજન્સ શેરિંગ.

**લોજિસ્ટિક્સ અને ટ્રેનિંગ:** સાઉદી સૈનિકોને તાલીમ અથવા તકનીકી સહાય પૂરી પાડવી.

**એર ડિફેન્સ સહયોગ:** સાઉદીના મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષામાં મદદ કરવી.

**બિન-લડાયક ભૂમિકા:** ભૂતકાળમાં પણ પાકિસ્તાને ખાડી દેશોમાં સલાહકાર તરીકે કામ કર્યું છે, પરંતુ સીધા યુદ્ધ લડવાનું ટાળ્યું છે.

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ: ભારતીય અર્થતંત્ર પર 'ટ્રિપલ એટેક'?

**આ સંઘર્ષ** માત્ર મિસાઈલ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ભારત માટે તેલ, વેપાર અને મોંઘવારી - એમ ત્રણ મોરચે સંકટ લઈને આવ્યો છે

**ભારતની** 4.33 લાખ કરોડ રૂપિયાની નિકાસ પર જોખમ

**૧. તેલની સપ્લાય અને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'નું જોખમ**

ભારત માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જીવનરેખા સમાન છે.

**૫૦% ક્રૂડ ઓઈલ:** ભારત તેની જરૂરિયાતનું અડધું તેલ (સાઉદી અરેબિયા, ઈરાક, UAEથી) આ સાંકડા દરિયાઈ માર્ગ દ્વારા મંગાવે છે.

**ગેસ સપ્લાય:** ભારતનો લગભગ ૫૦% લિક્વિફાઈડ નેચરલ ગેસ પણ આ જ રૂટથી આવે છે.

**વૈશ્વિક કિંમતો:** જો આ રૂટ બ્લોક થાય, તો બ્રેન્ટ ક્રૂડની કિંમત $૮૦-$૮૫ પ્રતિ બેરલને પાર કરી શકે છે (હાલ તે $૭૨.૮૭ ની આસપાસ છે).

**૨. ૧૦% નિકાસ પર સંકટ**

ભારતનો માત્ર તેલ જ નહીં, પણ અન્ય વેપાર પણ જોખમમાં છે. તણાવ વધવાથી ભારતના 4.33 લાખ કરોડ રૂપિયાના નિકાસ પર જોખમ તોળાઈ રહ્યું છે. ભારત હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ખાડી દેશોને અંદાજે 47.6 અબજ ડોલર (4.33 લાખ કરોડ રૂપિયા) ના મૂલ્યની બિન-તેલ ચીજવસ્તુઓની નિકાસ કરે છે.

**બાસમતી ચોખા:** ઈરાન ભારતીય બાસમતી ચોખાનું સૌથી મોટું બજાર છે. યુદ્ધને કારણે નિકાસ લગભગ અટકી ગઈ છે, જેનાથી સ્થાનિક માર્કેટમાં ભાવ વધી શકે છે.

**અન્ય ચીજવસ્તુઓ:** ચા, મસાલા, તાજા ફળો, શાકભાજી અને એન્જિનિયરિંગ સામાન જે હોર્મુઝ રૂટથી ગલ્ફ દેશોમાં જાય છે, તેની નિકાસ મોંઘી અથવા બંધ થઈ શકે છે.

**૩. રોકાણકારો માટે શું બદલાશે?**

જ્યારે પણ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય છે, ત્યારે રોકાણકારોનો અભિગમ બદલાય છે:

**સોના-ચાંદીમાં તેજી:** અસ્થિરતાના સમયે લોકો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માને છે. નિષ્ણાતોના મતે, ભારતમાં સોનું ૧.૬૫ થી ૧.૭૦ લાખ (૧૦ ગ્રામ) સુધી અને ચાંદી ૩ લાખ (કિલો) સુધી પહોંચી શકે છે.

**શેરબજારમાં ઘટાડો:** તેલના ભાવ વધવાથી શેરબજારમાં મોટી વેચવાલી આવી શકે છે.

# ગલ્ફ દેશોમાં ભારતીયો માટે સુરક્ષા એડવાઈઝરી

**યુએઇ,** સાઉદી અરેબિયા, બહેરિન જેવા અખાતી દેશોમાં વસતા ભારતીયોને બિનજરૂરી પ્રવાસ ટાળવા સહિતની સૂચના: હેલ્પલાઇન નંબરો જારી કરાયા

**ઇરાનમાં** વસતા ભારતીયોને ઘરોમાં જ રહેવા સલાહ, ઇઝરાયેલમાં ભારતીયોને શેલ્ટરોની નજીક રહેવા સલાહ

દુબઇ, તા. ૨૮(પીટીઆઇ): ગલ્ફ ક્ષેત્રના દેશો જેવા કે સંયુક્ત આરબ અમીરાત (UAE), સાઉદી અરેબિયા અને જોર્ડન સહિતના અન્ય દેશોમાં સ્થિત ભારતીય મિશનોએ શનિવારે તેમના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે, જેમાં તેમને અત્યંત સાવધાની રાખવા અને સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જારી કરવામાં આવેલી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી કરવામાં આવી છે. આ એડવાઈઝરી અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા સંયુક્ત હુમલાના થોડા કલાકો બાદ આવી છે.

UAE માં, અબુ ધાબી સ્થિત ભારતીય દૂતાવાસે તમામ ભારતીય નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, યોગ્ય કાળજી રાખવા, સતર્ક રહેવા અને સ્થાનિક સત્તાવાળાઓ તેમજ દૂતાવાસ દ્વારા સમય સમય પર જારી કરવામાં આવતી સુરક્ષા માર્ગદર્શિકાઓનું પાલન કરવા જણાવ્યું છે. દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે અબુ ધાબીમાં ભારતીય દૂતાવાસ અને દુબઈમાં કોન્સ્યુલેટ જનરલ સામાન્ય રીતે કાર્યરત છે. નાગરિકોની મદદ માટે ટોલ-ફ્રી નંબર (800-46342), વોટ્સએપ નંબર (+971543090571) અને ઈમેઈલ આઈડી (pbsk.dubai@mea.gov.in અને ca.abudhabi@mea.gov.in) પણ જાહેર કરવામાં આવ્યા છે. સાઉદી અરેબિયામાં, રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે તમામ ભારતીયોને સતર્ક રહેવા અને સુરક્ષા નિયમોનું પાલન કરવા જણાવ્યું છે. દૂતાવાસે ખાતરી આપી છે કે રિયાધ અને જેદ્દાહમાં તેમના કાર્યાલયો રાબેતા મુજબ ચાલુ રહેશે. કટોકટી માટે હેલ્પલાઈન નંબરો (00-966-11-4884697, વોટ્સએપ: 00-966-542126748, ટોલ-ફ્રી: 800 247 1234) અને ઈમેઈલ (cw.riyadha@mea.gov.in) ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

# માલદીવ-મોરિશિયસ સંબંધોમાં ભંગાણ

**ચાગોસ** ટાપુ સમૂહ મુદ્દે વિવાદ વકર્યો

પોર્ટ લુઈસ: તા. 28: ભારતના બે પાડોશી દેશો મોરિશિયસ અને માલદીવ આમને-સામને આવી ગયા છે. મામલો એટલો વધી ગયો છે કે, મોરિશિયસે માલદીવ સાથેના રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા છે. મોરિશિયસે આ પગલું એટલા માટે ભર્યું છે કારણ કે, માલદીવે ચાગોસ ટાપુ સમૂહ પર મોરિશિયસની સાર્વભૌમત્વને માન્યતા આપવાનો ઈનકાર કરી દીધો છે. એટલું જ નહીં, માલદીવે ચાગોસ ટાપુ સમૂહને લઈને બ્રિટન-મોરિશિયસ કરાર પર પણ વાંધો વ્યક્ત કર્યો છે. આ ઘટના બાદ બંને દેશોના સંબંધોમાં તણાવ ઘણો વધી ગયો છે.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ અગાઉની સરકારના તે વલણને પલટાવી નાખ્યું છે જેમાં મોરિશિયસના દાવાનું સમર્થન કરવામાં આવ્યું હતું. મોહમ્મદ મુઈઝુએ કહ્યું હતું કે, માલદીવ હવે ચાગોસ ટાપુ સમૂહ પર મોરિશિયસની સાર્વભૌમત્વને માન્યતા નહીં આપે અને ઓવરલેપિંગ દરિયાઈ વિસ્તારોને પોતાના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (ઈઈઝેડ)માં સામેલ કરશે. મુઈઝુ સરકારનો દાવો છે કે, ચાગોસ ટાપુ સમૂહ ભૌગોલિક રીતે માલદીવની વધુ નજીક છે.

## BUSINESS મિત્ર

# ઇરાન યુદ્ધથી શેરબજારમાં મોટા કડાકાની ભીતિ

**વૈશ્વિક** બજારોની પાછળ ભારતીય શેરબજાર પણ મોટા ગેપ ડાઉન સાથે ખુલવાની દહેશત

**ક્રૂડ** ઓઈલની અસર: હાલ ભાવ $67 આસપાસ છે, પણ જો તે $80 વટાવે તો ભારત માટે મેક્રો ઈકોનોમિક દબાણ વધશે

નવી દિલ્હી, તા. 28: ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે ભવિષ્યમાં બજાર પર દબાણ આવી શકે છે અને તેમાં થોડું વેચાણ થઇ શકે છે. વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે સામાન્ય રીતે બજારમાં નકારાત્મકતા અને વેચાણનું દબાણ સર્જાયું છે. તેથી, પ્રારંભિક પ્રતિક્રિયા નકારાત્મક હોવાની સંભાવના છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, આ યુદ્ધ લાંબા સમય સુધી ચાલશે કે પછી તે ટૂંકા ગાળાની સૈન્ય કાર્યવાહી હશે તેના પર બજાર નજર રાખશે. આ નક્કી કરશે કે તેની કેટલી અસર થશે. જોકે, આગામી સપ્તાહની શરૂઆત વૈશ્વિક નકારાત્મક સંકેતોની પાછળ ગેપડાઉન ખુલવાના સંકેત આપી રહ્યા છે અને આ મોટા ગેપડાઉનની સંભાવના જોવાઇ રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા યથાવત છે. આ લડાઇ હોર્મુઝની સામુદ્રધુની દ્વારા વેપારમાં વિક્ષેપો વિશે ચિંતા છે. એનરિચ મનીના સીઈઓ પોનમુડી આરએ જણાવ્યું હતું કે ભારત માટે, જે મુખ્ય તેલ આયાતકાર છે, ઉર્જાના ભાવમાં વધારો પહેલાથી જ નબળા જોખમી વાતાવરણમાં વધુ એક મેક્રો ઈકોનોમિક દબાણ પેદા કરશે. બીજી તરફ, કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે, ગેપડાઉન સાથે ખુલી શકે છે, પણ છેલ્લે ઈન્ડેક્સ સરભર કરી શકે છે.

મોટો પ્રશ્ન એ છે કે આગામી અઠવાડિયામાં આ વધારો કેવી રીતે રમશે. આ જાણવું ખૂબ જ જરૂરી છે. હાલમાં, ક્રૂડ ઓઇલ લગભગ 67 ડોલર પ્રતિ બેરલ છે અને તેમાં લગભગ 2 ટકાનો વધારો થયો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધુ વધારો ટૂંકાથી મધ્યમ ગાળામાં ભારતીય બજારો પર વધુ દબાણ લાવશે. ભારત માટે ક્રૂડ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે ક્રૂડ ઓઈલના ભાવો પર ચાંપતી નજર રાખવાની જરૂર છે. જો ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થાય છે અને ધારો કે તે 80 ડોલર પ્રતિ બેરલથી ઉપર જાય છે, તો તેની ભારતીય બજારો પર મોટી ખરાબ અસર પડી શકે છે. ક્રુડ ઓઈલના વધતા ભાવથી મોંઘવારી વધશે, જેની અસર તમામ ક્ષેત્રો પર પડશે. જો કે, તેની અસર કેટલાક ક્ષેત્રો પર તરત જ જોવા મળશે.

આવતા સપ્તાહમાં ઘણી અસ્થિરતાની સંભાવના છે. મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે સીધો મુકાબલો વધુ ગંભીર બનવાનું જોખમ વધી રહ્યું છે. સામાન્ય રીતે આવા વાતાવરણમાં ટૂંકા ગાળામાં એનર્જી અને ડિફેન્સ શેરોને ટેકો મળે છે. ગોલ્ડ અને યુએસ ટ્રેઝરી જેવા સલામત આશ્રયસ્થાનોમાં પણ રોકાણ વધે છે. તેનાથી વિપરીત, ઉડ્ડયન, લોજિસ્ટિક્સ, ગ્રાહક વિવેકબુદ્ધિ અને દર-સંવેદનશીલ શેરોમાં વધઘટ થવાની સંભાવના છે કારણ કે ઊંચા ઇનપુટ ખર્ચ અને નીતિની અનિશ્ચિતતા સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે.

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૬૦૦૦ |
| તેજાબી સોનું | ૧૬૫૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૭૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૬૨૬૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૬૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૮૨૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૮૩૫૦૦ |

### તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂ. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# અપીલ દાખલ કરવાની સમયમર્યાદા ભૂલ સુધારણા આદેશની તારીખથી ગણવાની રહે

## નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GST કાયદા હેઠળ અપીલ દાખલ કરવા માટે ચુસ્ત સમયમર્યાદા નિયત કરવામાં આવેલ છે અને ના.ગુજરાત હાઇકોર્ટે તાપી રેડી પ્લાસ્ટના તા. 27-11-2025ના ચૂકાદામાં ઠરાવેલ છે કે કાયદામાં ઠરાવેલ 4 મહિનાની સમયમર્યાદામાં પ્રથમ અપીલ દાખલ ન કરવામાં આવેલ હોય તો તેવી અપીલ દાખલ કરવામાં થયેલ ઢીલ હાઇકોર્ટે પણ માફ ન કરી શકે. ત્યારે ના.ગુજરાત હાઇકોર્ટે તાજેતરમાં ઠરાવ્યું છે કે જો કોઇ આદેશ વિરૂધ્ધ ભૂલ સુધારણા માટે અરજી કરવામાં આવેલ હોય ત્યારે અપીલ કરવા માટેની સમયમર્યાદા ભૂલ સુધારણા આદેશની તારીખથી ગણવાની રહે. ખેર ! ના.ગુજરાત હાઇકોર્ટના કૈલાસ સપ્લાર્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત સ્પે. સી.એપ્લી.નં. 9540/-2025ના તા. 29-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હકીકત...**

આ કેસમાં વેપારી વિરૂધ્ધ તા. 12-8-24ના રોજ આદેશ પસાર કરવામાં આવેલ સદરહુ આદેશમાં દેખીતી ભૂલ જણાતા, વેપારીએ તા. 5-11-24ના રોજ કલમ 161 હેઠળ ભૂલ સુધારણા માટે અરજી કરેલ. આ અરજી અંગેનો આદેસ તા. 19-3-25ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. તો ભૂલ સુધારણા આદેશ મળ્યાના એક અઠવાડિયામાં તા. 25-3-25ના રોજ અરજદારે તા. 12-8-24ના સુધી આદેશ સામે પ્રથમ અપીલ દાખલ કરેલ અને દાખલ કરવામાં આવેલ અપીલ ફોર્મની આઇટમ 16 અને 17માં વેપારીએ તેણે કરેલ ભૂલ સુધારણા માટેની અરજીની વિગત જણાવી. આમ છતો. પ્રથમ અપીલ સમયમર્યાદામાં દાખલ ન કરવાના કારણસર નામંજૂર કરવામાં આવતા અરજદાર દ્વારા તે આદેશને પડકારતી રીટ-પીટીશન ના.હાઇકોર્ટમાં ફાલ કરવામાં આવી.

**દલીલ...**

અરજદારના વિધ્વાન એડવોકેટે રજૂઆત કરતા જણાવ્યું કે તેમના કેસમાં ભૂલ સુધારણાનો આદેશ તા. 19-3-25ના રોજ પસાર કરવામાં આવેલ છે. આથી પ્રથમ અપીલ દાખલ કરવાની સમમર્યાદા તારીખ 20-3-25ની ગણવાની રહે. અને તેમના દ્વારા ના. મદ્રાસ હાઈકોર્ટના એસ.પી.કે એન્ડ કું.ના તા. 22-11-24ના ચૂકાદા પર આધાર રખવામાં આવ્યો.

**ચૂકાદો...**

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા શરૂઆતમાં જણાવ્યું કે જો અપીલ 120 દિવસની સમયમર્યાદા બહાર દાખલ કરવામા આવી હોય તો અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાની અપીલ અધિકારીને સત્તા નથી અને ના.હાઈકોર્ટે અનેક ચૂકાદાઓમાં ઠરાવ્યું છે કે બંધારણના આર્ટીકલ 226 હેઠળ મળેલ વિશાળ સત્તા હેઠળ પણ કોર્ટને અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવની સત્તા નથી. પરંતુ ના.હાઈકોર્ટના મતે આ કેસમાં અપીલ દાખલ કરવાની સમયમર્યાદા તા. 20-3-25ના રોજ પસાર કરવામાં આવેલ છે અને એક અઠવાડિયામાં તા. 25-3-25ના રોજ વેપારીએ પ્રથમ અપીલ દાખલ કરેલ છે. તો વેપારીએ અપીલના ફોર્મમાં આ માટેની માહિતી આપી હતી અને એપેલેટ ઓફિસરે તે તપાસવી જોઈતી હતી. તો ભૂલ સુધારણા માટેનો આદેશ ધ્યાનમાં લેવામાં આવે તો પ્રથમ અપીલ સમયમર્યાદામાં દાખલ થયેલ છે એમ જણાવી રીટ-પીટીશન મંજૂર કરી, વેપારીને ગુણદોષ પર સાંભળી, નિર્ણય કરવા ના. હાઈકોર્ટે કેસ રીમાન્ડ કર્યો.

# હવે AI વગર નોકરી જોખમમાં? ટેક દિગ્ગજોએ શરૂ કર્યું 'AI ટ્રેકિંગ'

**મોટા** ભાગની કંપનીઓએ કર્મચારીઓને પ્રમોશન તથા નોકરી ચાલુ રાખવા એઆઇનું જ્ઞાન જરૂરી બનાવ્યું

નવી દિલ્હી, તા. 28: વિશ્વની મોટી ટેક કંપનીઓ એઆઇ ટુલ્સ બનાવવાની સાથે સાથે તેના ઉપયોગને પણ પ્રોત્સાહન આપી રહી છે. એમેઝોન, ગુગલ, મેટા, માઇક્રોસોફ્ટ જેવી કંપનીઓ કર્મચારીઓ નિયમિતરૂપે એઆઇનો કેટલો ઉપયોગ કરે છે તેની નજર રાખીને તેનો વધુને વધુ ઉપયોગ થાય તેવા પ્રયાસો કરાઇ રહી છે. આ કંપનીઓના કર્મચારીઓના પર્ફોમન્સ રિવ્યૂ અને પ્રોડક્ટિવીટી મેટ્રિક્સમાં એઆઇનો ઉપયોગ મહત્વનો બન્યો છે. કેટલીક કંપનીઓ પ્રમોશન અથવા નોકરી ચાલુ રાખવા એઆઇનું જ્ઞાન જરૂરી બન્યું છે.

જાણકારોના મતે એઆઇ અપનાવતી કંપનીઓ જ લાંબા ગાળે ટકી શકશે. એમેઝોને એન્જિનીયર્સ માટે એઆઇ ટુલ્સની ઉપયોગિતા માટેના ડેશ બોર્ડ બન્યા છે. ગુગલે સોફ્ટવેર એન્જિનીયર્સના પર્ફોમન્સ રિવ્યુમાં એઆઇના ઉપયોગનો સમાવેશ કર્યો છે. મેટાની નવી સીસ્ટમ એઆઇ દ્વારા લખાયેલા કોડની લાઇનો જેવ માહિતીઓ ટ્રેક કરશે. માઇક્રોસોફ્ટમાં કર્મચારીઓ તેમના વર્કફ્લો માં એઆઇનો ઉપયોગ કેવી રીતે કરે છે તે કહેવું ફરજિયાત બનાવાયું છે. સેલ્સફોર્સના વાર્ષિક ડેશબોર્ડમાં એઆઇ ફ્લુઅન્સી ટ્રેકર ઉમેરવામાં આવ્યું છે.

તાજેતરના સર્વેમાં ટેક સેકટરના લગભગ 42 ટકા કર્મચારીઓએ જણાવ્યું છે કે, તેમના મેનેજરો રોજિંદા કામમાં એઆઇનો ઉપયોગ કરવાની અપેક્ષા રાખે છે. આ આંકડો માત્ર આઠ મહિના પહેલા 28 ટકા હતો. આઇટી સિવાયના સેકટર્સમાં 35 ટકા કંપનીઓને એઆઇથી ફાયદો થયો હોવાનું સામે આવ્યું છે. એઆઇનો ઉપયોગ વધી રહ્યો હોવા છતાં ઘણા કર્મચારીઓને શંકા છે કે, એઆઇ ખરેખર સમય બચાવે છે કે નહીં, પરંતુ તેમને નોકરીની ચિંતા હોવાથી એઆઇને અપનાવ્યું છે.

# ફિનો પેમેન્ટ્સ બેન્કના MD ઋષિ ગુપ્તાની GST ભંગ બદલ ધરપકડ

**કેતન** મર્ચન્ટને સોંપાઇ વચગાળાની જવાબદારી; બેન્કે કહ્યું- 'તપાસ વ્યાવસાયિક ભાગીદારો વિરુદ્ધ છે'

મુંબઇ, તા. 28: જીએસટી સંબંધિત કાયદાઓનું ઉલ્લંઘન કરવાના આરોપસર ફિનો પેમેન્ટસ બેન્કના એમડી અને સીઇઓ ઋષિ ગુપ્તાની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ બાદ પેમેન્ટસ બેન્ક દ્વારા એક ખાસ બોર્ડની બેઠક બોલાવી હતી, જેમાં ચીફ ફાઇનાન્સીયલ ઓફિસર કેતન મર્ચન્ટને રોજિંદી કામગીરીનું સંચાલન અને દેખરેખ માટે સંસ્થાના વડા તરીકે નિયુક્ત કર્યા છે, તેમ નિયમનકારી ફાઈલીંગમાં જણાવાયું છે.

ફિનો પેમેન્ટસ બેન્કે જણાવ્યું હતું કે, ગુપ્તાની સીજીએસટી અને એસજીએસટી એક્ટ, 2017ની કલમ 132-1-એ અને 132-1-આઈની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરી છે. બેન્કે એમપણ કહ્યું કે, તપાસ બેન્કના જીએસટી પાલન સંબંધિત નથી પણ તેના વ્યાવસાયિક ભાગીદારો સંબંધિત છે. બેન્ક તપાસ અધિકારીઓને તમામ પ્રકારનો સહયોગ કરી રહી છે. બેન્કના કોઇ અધિકારીઓની સંડોવણી ન હોવાનું બેન્કે સ્પષ્ટતા કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફિનો પેમેન્ટસ બેન્ક 2006માં પેમેન્ટ ટેકનોલોજી કંપની તરીકે શરૂ થઇ હતી. તેણે ધીમે ધીમે ભારતની નાણીકીય સેવાઓમાં મુખ્ય ભુમિકા ભજવી છે. 2020માં ફિનો પ્રથમ વખત નફાકારક પેમેન્ટસ બેન્ક બની હતી. 2021માં શેરબજારમાં લિસ્ટેડ થનારી દેશની પ્રથમ પેમેન્ટસ બેન્ક બની, જેમાં આઈસીઆઈસીઆઈ જુથ, બીપીસીએલ, બ્લેકસ્ટોન, એલઆઈસી અને આઈએફસી જેવા મોટા રોકાણકારોનું રોકાણ છે.

**ગુજરાતમિત્ર દૈનિક અંગેની માહિતી**
**ફોર્મ નં. ૪ (જુઓ) રૂલ નં. ૮**

૧. પ્રકાશન સ્થળ : ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોનીફળિયા, સુરત.
૨. પ્રકાશનનો પ્રકાર : દૈનિક
૩. તંત્રી, મુદ્રક, પ્રકાશક } ભરત પ્રવિણકાંત રેશમવાળા
૪. રાષ્ટ્રીયતા : ભારતીય
૫. સરનામું: ગુજરાતમિત્રભવન સોનીફળિયા, સુરત
૬. જે વ્યકિતઓ આ અખબારના માલિકો હોય અને કુલ થાપણનાં એક ટકાથી વધારે થાપણ રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોના સરનામાં.

ગુજરાતમિત્ર પ્રા. લિ.

૧. સ્વ. પ્રવિણકાંત ઉત્તમરામ રેશમવાળા
૨. સ્વ. અવંતિકા પ્રવિણકાંત રેશમવાળા
૩. ભરત પ્રવિણકાંત રેશમવાળા
૪. કેતકી ભરત રેશમવાળા
૫. ભરત પ્રવિણકાંત રેશમવાળા (હિ. અ. કુ) ૭૮, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ,સુરત

હું ભરત પ્રવિણકાંત રેશમવાળા આથી જાહેર કરું છું કે ઉપરોક્ત વિગત મારી માન્યતા મુજબ ખરી છે.

ભરત પ્રવિણકાંત રેશમવાળા
તા. ૧/૩/૨૦૨૬ — પ્રકાશક